**Vidhyayana - ISSN 2454-8596**
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
**www.vidhyayanaejournal.org**
**Indexed in: ROAD & Google Scholar**

# વિદ્યાર્થીઓમાં સાંવેગિક પરિપક્વતાનો કેટલાક ચલોમાં અભ્યાસ

**મોનાલી બારોટ**

રિસર્ચ સ્કોલર, શિક્ષણશાસ્ત્ર વિભાગ, સુરેન્દ્રનગર યુનિવર્સિટી, વઢવાણ

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

**સારાંશ:**

વિદ્યાર્થીના સન્દર્ભમાં કે અન્ય વ્યવસાયીઓના સન્દર્ભમાં પણ આ બાબત એટલી જ સાચી છે. શિક્ષક, વિદ્યાર્થી કે અન્ય વ્યક્તિતઓની આ લાગણી અને સંવેગો તેના શૈક્ષણિક, વ્યાવસાયિક, કૌટુંબિક તથા સામાજિક જીવનની સફળતા કે નિષ્ફળતા માટે જવાબદાર બનતા હોય છે. આથી જ મનોવૈજ્ઞાનિકોનું ધ્યાન આ સંવેગો અને લાગણીઓ વ્યક્તિતની સફળતા માટે કઈ રીતે અસર કરે છે તે તરફનાં સંશોધનો પર કેન્દ્રિત થયું છે અને આ સન્દર્ભમાં યોગ્ય સિદ્ધાંતો વિકસાવવાના પ્રયાસો શરૂ થયા છે. શાળા કક્ષાએ વિદ્યાર્થીઓમાં આ પ્રકારની શક્તિઓ વિકસાવવા માટેના યોગ્ય પ્રયાસો પણ વર્તમાન યુગમાં કરવામાં આવતા જોવા મળે છે, તેના સારાં પરિણામો વિદ્યાર્થી જીવન ઉપરાંત વ્યાવસાયિક જીવન કે સામાજિક જીવનમાં સફળતારૂપે મળી શકે તેમ છે. આ જરૂરિયાતને ધ્યાનમાં રાખીને સંશોધકે પ્રસ્તુત સંશોધનના આ ક્ષેત્રમાં અભ્યાસ કરવાનું વિચાર્યું.

**ચાવીરૂપ શબ્દો**: વિદ્યાર્થીઓ, સાંવેગિક પરિપક્વતા, પાટણ

## 1 પ્રસ્તાવના

સૌપ્રથમ બુદ્ધિ કસોટીની રચના ઈ.સ. 1905માં ફ્રાંસના આલ્ફ્રેડ બિનેએ કરી હતી અને ત્યારથી મનોવૈજ્ઞાનિકો દ્વારા બુદ્ધિ અંગેના વૈજ્ઞાનિક સંશોધનોમાં ખૂબ જ વધારો થયો. એટલું નહિ પણ આ ક્રાંતિથી બુદ્ધિ અંગેના અનેક સિદ્ધાંતો અસ્તિત્વમાં આવ્યા. બુદ્ધિને લગતા વિવિધ જુદાં જુદાં ઘટકોને લગતા અભ્યાસો અને તેના પર સંશોધનો થવા લાગ્યા. ઉપરાંત વ્યક્તિના વિકાસમાં બુદ્ધિ કઈ રીતે અસર કરે છે તેના ઉપર પણ પુષ્કળ સંશોધન કરી સંશોધકોએ તારણો અને સુધારાવાદી સૂચનો રજૂ કર્યા. આ દરેક અભ્યાસમાં બુદ્ધિત્વ વ્યક્તિતની સફળતા નક્કી કરતા અગત્યના પરિબળ તરીકે સાબિત થયું. આથી જ શાળા–મહાશાળાઓમાં બાળકના બૌદ્ધિક વિકાસ માટેના કાર્યક્રમો ઘડવામાં આવ્યા અને તેનો અમલ કરવામાં આવ્યો. અભ્યાસક્રમ અને

પાઠયક્રમનું ઘડતર પણ બુદ્ધિને કેન્દ્રમાં રાખીને જ કરવામાં આવ્યું. શાળામાં બાળકને બુદ્ધિશાળી બાળક બનાવવાના પ્રયત્નો શરૂ થયા. મોટા ઉદ્યોગો અને કંપનીઓમાં બુદ્ધિશાળી ગણાતા કર્મચારીઓની ભરતી થવા લાગી.

આજના યુગમાં શૈક્ષણિક સિદ્ધિ મેળવવા માટેની હોડ જામી છે. શિક્ષણનું મહત્વ દિનપ્રતિદિન વધવા પામ્યું છે. કારણ કે શિક્ષણ વિનાના જીવનનો કોઈ લક્ષ્યાંક રહેવા પામતો નથી. પરિણામે દરેક વ્યક્તિના જીવનમાં શિક્ષણનું મહત્વ વિશેષ રહેવા પામ્યું છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસનો હેતુ ધોરણ-11ના વિધાર્થીઓમાં સાંગીક પરિપક્વતાના કેટલાક ચલોના સંદર્ભમાં કરવાનો છે.

## 2. સબંધિત સાહિત્ય સમીક્ષા

**Hamalainen (2017):** કોઈ ચોક્કસ વિષયના નૈતિક પાસાઓને સમજી શકીએ અને તે રીતે આપણી નૈતિક સમજણ વિકસાવી શકીએ તે પહેલાં તેની પર્યાપ્ત નૈતિક સમજ હોવી જરૂરી છે. એકવાર તેઓ વિષયની સામગ્રી પર પૂરતું જ્ઞાન મેળવી લે, પછી શિક્ષક વિદ્યાર્થીઓને નૈતિક પ્રશ્નો અને મૂંઝવણો રજૂ કરી શકે છે. પ્રોજેક્ટ આધારિત શિક્ષણમાં વિદ્યાર્થીઓ વિવિધ વ્યક્તિઓ સાથે કામ કરે છે અને તે રીતે તેઓ વિવિધ અભિપ્રાયો અને નૈતિક દુવિધાઓનો સામનો કરવાનું ટાળી શકતા નથી જે તેઓ સાથે લાવે છે. આ વાસ્તવિક જીવનની શીખવાની પરિસ્થિતિઓ છે જ્યારે નૈતિક સમજને પડકારવામાં આવે છે અને પ્રોજેક્ટ પૂરો થયા પછી શાળાના અન્ય શિક્ષકો દ્વારા કામ કરવાની પદ્ધતિઓ અને સહકારની કુશળતામાં ફેરફાર જોવા મળ્યો હતો.

**Zilberman (2013):** આખા વર્ગના દૈનિક અવલોકનો અને ત્રણ પૂર્વ-પસંદ કરેલ કેસ વિદ્યાર્થીઓ દ્વારા ડેટાના સંગ્રહનો હેતુ વર્ગખંડમાં શિક્ષકની અરજી સાથે ક્ષેત્રમાં ઉપયોગમાં લેવાતી વર્તણૂક વ્યવસ્થાપનની પદ્ધતિઓની અસરકારકતા ચકાસવાનો હતો. સંશોધન પરિણામો તારણ આપે છે કે હકારાત્મક વર્તણૂક અભિગમ મોડેલે

નબળા વર્તનની ઘટનાઓની સંખ્યામાં ઘટાડો અને વર્ગમાં શિક્ષણના વાતાવરણમાં એકંદર સુધારણામાં ફાળો આપ્યો છે. તદુપરાંત, અભ્યાસે ફિલસૂફી, શૈલી અને શિક્ષણશાસ્ત્રની પદ્ધતિઓ અને તકનીકોના સંવર્ધનમાં પ્રતિબિંબ, વિશ્લેષણ અને ગોઠવણોની પ્રક્રિયા દ્વારા વ્યક્તિગત વિકાસને સક્ષમ બનાવ્યું.

**મિતુ ખોસલા અને વંદના ડોકામીયા (2010):** પ્રસ્તુત અભ્યાસનો હેતુ આનંદીપણાનો અનુભવ આવેગિક પરિપકવતાને અસર કરે છે કે કેમ તે જાણવાનો હતો. સંપૂર્ણ માપનતુલા, આવેગિક પરિપકવતા F-Test પ્રસ્તુત અભ્યાસમાં નિદર્શ તરીકે 100 આનંદી રહેતા અને 100 ખુશ ન દેખાતા હોય તેવા નિદર્શપાત્રોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. 1) આનંદીપણુ ધરાવતા લોકોની સરખામણીમાં આનંદીપણું ધરાવતા લોકોની સરખામણીમાં આનંદીપણું ન ધરાવતા લોકોમાં સાર્થક તફાવત જોવા મળે છે.

**માધવી વડાર અને વિજયાલક્ષ્મી અમીન (2010):** પ્રસ્તુત અભ્યાસમાં નિદર્શ તરીકે 100 ઘરે અભ્યાસ કરતાં અને 100 હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતા અનુસ્નાતક વિદ્યાર્થીઓ કર્ણાટક યુનિવર્સિટી ધારવાડના જુદા જુદા વિભાગોમાંથી યદચ્છ રીતે નિદર્શ પસંદ કરવામાં આવ્યા હતા. 1) હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કરતા ઘરે રહીને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં ઉચ્ચ સ્વ-કાર્યદક્ષતા અને આવેગિક પરિપકવતા જોવા મળી હતી. 2) વિદ્યાર્થીઓમાં જાતિ, ઉંમર, જ્ઞાતિ વગેરેની બાબતમાં પણ સ્વ-કાર્યદક્ષતા અને આવેગિક પરિપકવતામાં સાર્થક તફાવત જોવા મળ્યો હતો.

**પટેલ પલક (2008):** પ્રસ્તુત અભ્યાસમાં સામાજીક અને કૌટુંબિક તનાવતુલા અખ્તર અને દરા (1988) રચિત આવેગિક પરિપકવતા તુલનો ઉપયોગ કર્યો. F-test પદ્ધતિથી પ્રસ્તુત અભ્યાસમાં નિદર્શ તરીકે યદચ્છ રીતે 200 પરણિત અને અપરણિત નોકરી કરતી અને નોકરી ના કરતી સ્ત્રીઓને પસંદ કરવામાં આવી છે. 1) પ્રસ્તુત અભ્યાસના તારણમાં નોકરી કરતી અને નોકરી ના કરતી સ્ત્રીઓના મનોભારમાં સાર્થકતા જોવા મળે છે.

(2) લગ્ન દરજ્જાની  દ્રષ્ટિએ આવેગિક પરિપકવતામાં પરણિત અપરણિત સ્ત્રીઓમાં સાર્થક તફાવત જોવા મળે છે.

**3. અભ્યાસના હેતુઓ**

- વિદ્યાર્થીઓની સાંવેગિક પરિપક્વતાનો જાતિના સંદર્ભમાં અભ્યાસ કરવો.
- વિદ્યાર્થીઓની સાંવેગિક પરિપક્વતાનો શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં અભ્યાસ કરવો.

**4. સંશોધનની ઉત્કલ્પનાઓ**

- વિદ્યાર્થીઓની સાંવેગિક પરિપક્વતાની જાતિય માપદંડ પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- વિદ્યાર્થીઓની સાંવેગિક પરિપક્વતાની ઉચ્ચ અને નિમ્ન શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**5. અભ્યાસના ચલ**

પાટણ તાલુકાની શાળાના વિધાર્થીઓ પુરતો માર્યાદિત પ્રસ્તુત સંશોધન સાંવેગિક પરિપક્વતા માપન મોડલ અને સ્વ–અધ્યયન સાહિત્ય તૈયાર કરી તેની અસરકારકતા ચકાસવા માટે શાળામાં પ્રાયોગિક પરિસ્થિતિનું નિર્માણ કરી તેનો અમલ કરવામાં આવેલ છે.. આ દ્રષ્ટિએ પ્રસ્તુત સંશોધન એક પ્રાયોગિક સંશોધનના ભાગરૂપે પ્રસ્તુત સંશોધનમાં જાતિને સ્વતંત્ર ચલ તરીકે અને સંશોધનના સંદર્ભમાં સાંવેગિક પરિપક્વતા પર મેળવેલ પ્રપ્તાંકોને પરતંત્ર ચલ તરીકે પસંદ કરવામાં આવ્યા છે.

## 6. નમૂના પસંદગી

પ્રસ્તુત સંશોધનમાં ઉત્તર ગુજરાતમાં આવેલ પાટણ જિલ્લાની શહેરી વિસ્તારમાં આવેલી અને પાટણ ગ્રામ્ય વિસ્તારમાં આવેલી ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ 5 ગ્રામ્ય શાળાઓ અને 5 શહેરી શાળાઓમાંથી લગભગ 500 વિદ્યાર્થીઓને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા છે અને આ નમૂનાઓ મારફતે સંશોધન હાથ ધરવામાં આવ્યું છે.

## 7. સંશોધનનું ઉપકરણ

પ્રસ્તુત સંશોધનમાં ડૉ. મહેશ ભાર્ગવ અને ડૉ. યશવીર સિંઘ રચિત અને પ્રમાણિત કરેલ સાંવગીક પરિપક્વતાની પ્રશ્નાવલીનો ઉપયોગ કરવામાં આવશે. જેમાં કુલ 48 કલમોનો સમાવેશ કરવામાં આવ્યો છે. દરેક કોલમોને પણ વિભાગમાં વિભાજિત કરવામાં આવેલ છે.

વિદ્યાર્થીઓમાં સાંવેગિક પરિપક્વતાન અભ્યાસ માટે સર્વેક્ષણ સંદર્ભે ગુગલ ફોર્મ અને મુદ્રિત માધ્યમ દ્વારા 500 સંશોધનીકા પ્રસારિત કરવામાં આવી હતી. જેમાંથી પ્રશ્નાવલીઓમાંથી ગુગલ ફોર્મ દ્વારા 198 પ્રશ્નાવલીઓ પરત આવેલ છે અને 52 પ્રશ્નાવલીઓ પરત આવેલ નથી. વળી, મુદ્રિત માધ્યમ દ્વારા 102 પ્રશ્નાવલીઓ પરત આવેલ છે અને 148 પ્રશ્નાવલીઓ પરત આવેલ નથી. પાટણ જિલ્લામાં ધોરણ-11માં અભ્યાસ કરતાં વિધાર્થીઓમાંથી 14.33% કુમાર અને 5% કન્યાઓ ગ્રામ્ય વિસ્તારમાં અભ્યાસ કરતા જોવા મળે છે. જ્યારે 48.66% કુમાર અને 32% કન્યાઓ શહેરી વિસ્તારમાં અભ્યાસ કરી રહ્યા છે.


Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

## 8. ઉત્કલ્પનાઓની ચકાસણી

સંશોધકે સંશોધનની ઉત્કલ્પનાઓની ચકાસણી દ્વારા ઉત્કલ્પનાઓના સ્વીકાર કે અસ્વીકાર અંગેની રજૂઆત આ પ્રમાણે છે.

- વિદ્યાર્થીઓની સાંવેગિક પરિપક્વતાની જાતિય માપદંડ પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

| ક્રમાંક | જાતિ | પ્રાપ્તાંકો | | | SED | t-મૂલ્ય | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| | | સંખ્યા | મધ્યક | Y વિચલન | | | |
| 1 | કુમાર | 189 | 107.91 | 31.80 | 5.33 | 2.33 | 0.05 |
| 2 | કન્યા | 111 | 95.51 | 28.47 | | | |





ઉપરોક્ત સારણીમાં જોતા પાટણ જિલ્લામાં ધોરણ-11માં અભ્યાસ કરતાં કુમાર અને કન્યાઓની સાંવગીક પરિપક્વતાના માપદંડ પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકોની મધ્યક કુમારમાં 107.91 અને કન્યામાં 95.11 છે. જ્યારે પ્રમાણિત વિચલન કુમારમાં 31.80 અને કન્યામાં 28.47 છે. આ બન્ને વચ્ચે SED 5.33 છે

અને તેનું ટી-મૂલ્ય 2.33 છે. જે સાર્થકતાની કક્ષાએ 0.05 ઉપર આપેલી ટેબલ કિંમત 1.98 કરતા વધારે છે. તેથી 0.05 સાર્થકતાની કક્ષાએ ટી-મૂલ્ય સાર્થક જોવા મળે છે. આથી ઉત્કલ્પના કે જે 'ધોરણ-11ના કુમાર અને કન્યાઓની સાંવગીક પરિપક્વતાના માપદંડ પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.' તેનો Ho1 નો અસ્વીકાર થાય છે. એટલે કહી શકાય કે ધોરણ-11ના કુમાર અને કન્યાઓની સાંવગીક પરિપક્વતા વચ્ચે સાર્થક તફાવત છે. તેથી કહી શકાય કે કન્યાઓ કરતા કુમાર વિદ્યાર્થીઓ કન્યાઓની સાંવગીક પરિપક્વતા વધુ જોવા મળે છે. જેના સંભવિત કરણો એ હોઈ શકે કે સમાજમાં છોકરીઓની કૌટુંબિક જવાબદારી, કુટુંબની અપેક્ષાઓ નીતિ નિયમો બધી જ બાબતો વધુ પડતી લાગુ પાડવામાં આવતી હશે. આથી છોકરાઓ કરતા છોકરીઓને સાંવગીક પરિપક્વતામાં વધુ મુશ્કેલી પડતી હશે. જ્યારે મોટા ભાગે છોકરાઓ રમત-ગમતો તેમજ વિવિધ પ્રસંગોના કારણે છોકરાઓ છોકરીઓ કરતા વધારે પ્રમાણમાં લોકોના સંપર્કમાં આવે છે. વિવિધ લોકોના આંતરક્રિયાના પ્રમાણે તેમનામાં સામાજિક વિકાસ પ્રમાણમાં વધુ જોવા મળે છે. તેથી સાંવગીક પરિપક્વતા છોકરીઓ કરતા છોકરાઓમાં વધારે હોઈ શકે.

- વિદ્યાર્થીઓની સાંવેગિક પરિપક્વતાની ઉચ્ચ અને નિમ્ન શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

| ક્રમાંક | સમાયોજન | પ્રાપ્તાંકો | | | SED | t-મૂલ્ય | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| | | સંખ્યા | મધ્યક | Y વિચલન | | | |
| 1 | ઉચ્ચ | 189 | 115.53 | 27.51 | 7.56 | 2.54 | 0.05 |
| 2 | નિમ્ન | 111 | 96.33 | 30.94 | | | |

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar




ઉપરોક્ત સારણી પરથી ફલિત થાય છે કે પાટણ જિલ્લામાં ધોરણ-11માં અભ્યાસ કરતાં કુમાર અને કન્યાઓમાં સમાયોજનના માપદંડ પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકોની મધ્યક ઉચ્ચ કક્ષાએ 115.53 અને નિમ્ન કક્ષાએ 96.33 છે. જ્યારે પ્રમાણિત વિચલન ઉચ્ચકક્ષાએ 27.51 અને નિમ્ન કક્ષાએ 30.94 છે. આ બન્ને વચ્ચે SED 7.56 છે અને તેનું ટી-મૂલ્ય 2.54 છે. જે સાર્થકતાની કક્ષાએ 0.05 ઉપર આપેલી ટેબલ કિંમત 2.00 કરતા વધારે છે તેથી તે સાર્થક છે. આથી ઉત્કલ્પના કે જે 'ધોરણ-11ના કુમાર અને કન્યાઓના ઉચ્ચ અને નિમ્ન સમાયોજન માપદંડ પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય' તેનો Ho4 નો અસ્વીકાર થાય છે. એટલે કહી શકાય કે ધોરણ-11ના શહેરી અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓની સાંવગીક પરિપક્વતા વચ્ચે સાર્થક તફાવત છે. જેના સંભવિત કારણો એ છે કે આપણા પુરુષ પ્રધાન સમાજમાં છોકરીઓનો દરજ્જો ઊતરતો જોવા મળી રહ્યો છે. બૌદ્ધિક ક્ષમતા અને છોકરા-છોકરીઓમાં સરખી હોવા છતાં છોકરાઓનો બૌદ્ધિક બાહ્ય ક્ષેત્રો વધુ તકો મળે છે અને છોકરાઓને પુરતી સગવડ મળે છે. તેથી કહી શકાય કે છોકરાઓ કરતા છોકરીઓમાં સમાયોજન ઓછું જોવા મળ્યું હશે.

9. **સંશોધનના તારણો**

પાટણ જિલ્લામાં ધોરણ-11માં અભ્યાસ કરતાં વિધાર્થીઓમાં સાંવગીક પરિપક્વતાને લગતી ઉત્કલ્પનાઓની ચકાસણી દ્વારા મળતા તારણો આ પ્રમાણે છે.

- ધોરણ-11ના કુમાર અને કન્યાઓની સાંવગીક પરિપક્વતા વચ્ચે સાર્થક તફાવત છે તેથી સાંવગીક પરિપક્વતા કન્યાઓ કરતા કુમારોમાં વધારે છે.
- ધોરણ-11ના શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં વિદ્યાર્થીઓની સાંવગીક પરિપક્વતા વચ્ચે સાર્થક તફાવત છે. તેથી શૈક્ષણિક સિદ્ધિના પરિપ્રેક્ષ્યમાં સંવેગિક પરિપક્વતામાં કુમારો કરતા કન્યાઓનું સામાજિક સમાયોજન વધુ છે.

**સંદર્ભસૂચિ**


ખોસલા, મિતુ અને વંદના ડોકામીયા (2010), શું આનંદીપણુ એ આવેગિક પરિપકવતા વધારે છે ?

પટેલ, પલક (2008), નોકરી કરતી અને નોકરી ન કરતી સ્ત્રીઓના મનોભાર, આવેગિક પરિપકવતા અને અસલામતીની ભાવના અંગે જાણકારી મેળવવી, સરદાર પટેલ યુનિવર્સિટી: વિદ્યાનગર

વડાર, માધવી અને વિજયાલક્ષ્મી અમીન (2010), અનુસ્નાતક વિદ્યાર્થીઓમાં સ્વ-કાર્યદક્ષતા અને આવેગિક પરિપકવતાનો અભ્યાસ.

સુર્ભયન, કે જી. વિશ્વનાથ. કોલેજના વિધાર્થીઓ પર સાંવગીક પરિપક્વતા અંગેનો અભ્યાસ ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન, અન્નામલાઈ નગર, તામિલનાડુ

Hamalainen, S. Susanna (2017), Students' moral growth during an educational project: a case study, University of Oulu: Finland

Zilberman, (2012), Victoria, Implementing a positive behavior support program: a teacher-researcher study, Canada: McGill University